# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL AMDAVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની વ્યૂહરચના તૈયાર કરનાર ગુજરાત સૌપ્રથમ રાજ્ય છે. અમદાવાદમાં એક કાર્યક્રમમાં સંબોધતા શ્રી પટેલે ગુજરાતનું અમૃત વર્ષ એક સીમાચિહ્ન સાબિત થશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો. આ સાથે જ આગામી વર્ષોમાં શહેરોના સર્વગ્રાહી વિકાસ થકી ગુજરાત વિકાસનું કેન્દ્ર બનશે તેમ પણ શ્રી પટેલે ઉંમેર્યું.

. . . . . . . . . . . . . .

# DIU MP FM MEETING

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના સાંસદ ઉમેશ પટેલે દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર સાથે મુલાકાત કરી. તેમણે પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય માછીમારોની તાત્કાલિક મુક્તિ અને વતન વાપસીની રજૂઆત કરતો અરજીપત્ર શ્રી જયશંકરને સોંપ્યો.

અરજીપત્ર મુજબ, હાલમાં કુલ 209 જેટલા ભારતીય માછીમાર પાકિસ્તાનની જેલમાં બંધ છે. તેમાંથી 134 જેટલા ગુજરાતના અને 24 દમણ–દીવના છે. કેન્દ્ર સરકાર આ મામલે તાત્કાલિક પગલાં લે તેવી સાંસદશ્રીએ અપીલ કરી હતી.

. . . . . . . . . . . . . .

# BHAVNAGAR LION

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના લોકો પાયલટ્સની સતર્કતાથી 6 સિંહોને ટ્રેનની અડફેટે આવતાં બચાવાયા છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક  અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું, ગઇકાલે લોકો પાયલટ  અનીશ શેખ અને સહાયક લોકો પાયલટ  ફરમાન હુસૈને સાસણગીર–કાંસિયાનેશ સેક્શનમાં રેલવે ટ્રેક પર 6 સિંહને જોયા બાદ પોતાની વેરાવળ–જૂનાગઢ પેસેન્જર ગાડીને તાત્કાલિક બ્રેક લગાવી દીધી. ત્યારબાદ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર દ્વારા તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી હટાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159 સિંહોના જીવ બચાવાયા હતા. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષ 2025-26માં અત્યાર સુધી 81 સિંહોને સુરક્ષિત રીતે બચાવાયા છે.

. . . . . . . . . . . . . .

# KUTCH ACCIDENT

કચ્છના ભચાઉમાં ચાર વાહનો વચ્ચે ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક વર્ષનું બાળક અને એક ટ્રેલર ચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે દંપતીને ગંભીર ઇજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ભચાઉ નજીક

આવેલા કેસરી ગઢ રિસોર્ટ સામે રાત્રે 12 વાગ્યાના અરસામાં કાર અને ટેમ્પો વચ્ચે અકસ્માત થતાં બંને વાહનોમાં આગ લાગી હતી.

. . . . . . . . . . . . . .

# G RAM G BYTE AMRELI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકસિત ભારત—રોજગાર અને આજીવિકા મિશન—ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025ને મંજૂરી આપી છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. અમરેલીના સ્થાનિક સુરજભાઈએ આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: SURAJBHAI, LOCAL PERSON)

. . . . . . . . . . . . . .

# MEHSANA AYUSHMAN

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં 87 હજાર 674 દાવા કરાયા છે, જેમાં 196 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે. ઉલ્લેખનીય છે જિલ્લામાં 11 લાખ 44 હજાર કરતા વધુ લાભાર્થીઓ આયુષમાન કાર્ડ ધરાવે છે. જ્યારે 70 વર્ષથી વધુની વયના 90 હજાર વડીલોને વય વંદના કાર્ડ પણ અપાયા છે.

. . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR KHEL MAHOTSAV

છોટાઉદેપુરમાં આજથી જિલ્લાકક્ષાની રમતોનું આયોજન કરાયું છે. ખુટાલિયા પોલીસ પરેડ મેદાન અને ખુટાલિયા આર્ચરી પોલીસ મેદાનમાં લીંબુ ચમચી, 100, 200 મીટર દોડ, રસ્સાખેંચ અને વૉલીબોલની રમત રમાઈ. આ અંગે સાંસદ જસુ રાઠવાએ વધુ માહિતી આપી.

**(BYTE: JASHU RATHVA, MP, CHHOTAUDEPUR)**

. . . . . . . . . . . . .

# TAPI ARREST

તાપી જિલ્લા S.O.G એ ગેરકાયદેસર સ્ફોટક ફટાકડાના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, સોનગઢ નગર ખાતેના દેવજીપુરાના રહેણાક વિસ્તારમાં વિસ્ફોટક પરવાનગી વગર આ જથ્થો રાખનારા વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. તેની પાસેથી 59 હજાર રૂપિયાથી વધુનો સામાન કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

. . . . . . . . . . . . .